# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/426 Dt. 05/05/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મુંબઇ ખાતે આર્ટ એક્ઝિબિશનની શાનદાર શરૂઆત

**નહેરુ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે સાત દિવસીય આર્ટ એક્ઝિબિશનનો ભવ્ય પ્રારંભ**

**ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર (લેડીઝ વિંગ)નાં પ્રેસિડેન્ટ રાજ્યલક્ષ્મી રાવના હસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન**

**પહેલા દિવસે જ 1200થી વધુ કલારસિકોએ પ્રદર્શન નિહાળ્યું**

**આર્ટને ઇન્ડસ્ટ્રી તરીકે પ્રોત્સાહન આપવા એસજીસીસીઆઈનો પાંચમો સફળ પ્રયાસ**

**મુંબઈ, તા. 5 મે, 2026**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસજીસીસીઆઇ) દ્વારા મુંબઈના વરલી સ્થિત નહેરુ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે આજથી સાત દિવસીય 'આર્ટ એક્ઝિબિશન'ની શાનદાર શરૂઆત કરવામાં આવી છે. આ પ્રદર્શન આગામી 11 મે, 2026 સુધી કલારસિકો માટે ખુલ્લું રહેશે.

આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બરની લેડીઝ વિંગનાં પ્રેસિડેન્ટ સુશ્રી **રાજ્યલક્ષ્મી રાવ**ના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, " આર્ટની સાથે લાગણીઓ સંકળાયેલી હોય છે. આર્ટ એ આત્માની અનુભૂતિ છે અને જે આ અનુભૂતિનો અહેસાસ કરે તેનું પ્રતિબિંબ કલાકારની કૃતિમાં પડતું હોય છે. દેશની અગ્રણી ચેમ્બરો ભેગી થઈને સંયુક્ત રીતે આ પ્રકારના આયોજનો કરે તો વિશેષ પરિણામો પ્રાપ્ત થઈ શકે." આ કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ સીઈઓ શ્રી **નેવિલ મહેતા** વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી **નિખિલ મદ્રાસી**એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "ચેમ્બર આર્ટને પણ એક ઇન્ડસ્ટ્રી તરીકે દરજ્જો આપે છે. આ વર્ષે અમદાવાદ અને સુરતમાં સ્કેટ કૉલેજ, વનિતા વિશ્રામ અને સંસ્કૃતિ આર્ટ ફેસ્ટિવલ બાદ આ શ્રેણીમાં અમારો આ પાંચમો પ્રયાસ છે." તેમણે તમામ કલારસિકોને આ પ્રદર્શનની મુલાકાત લેવા

હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે. પ્રદર્શનના પ્રથમ દિવસે જ 1200થી વધુ કલારસિકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

સાત દિવસના આ પ્રદર્શનમાં સુરત અને ગુજરાતના ખ્યાતનામ કલાકારો પોતાની અપ્રતિમ કૃતિઓ પ્રદર્શિત કરી રહ્યા છે, જેમાં ભાવના બચકાનીવાલા, ડીનલ પટેલ, દીપિકા ઢિમ્મર, ડૉ. બિજલ લશ્કરી, ડૉ. હિમાંશુ શાહ, ડૉ. સમીર શાહ, ફાલ્ગુની અરોરા, ફાલ્ગુની દેસાઈ, હર્ષા લાખાણી, હેમંત મદ્રાસી, જય ગોહિલ, જીજ્ઞેશ જરીવાલા, માનસી વિરાણી, મોલશ્રી અંબસ્થા, નીતા વખારિયા, રાધા, સીમા ગુપ્તા, શૈલેષ ટંડેલ, શેફાલી ગુપ્તા, તેજલ મોદી, ઉર્વશી પારેખ, વિજય પટેલ, વિનય સુખિયાજીવાલા અને વિનીતા કુમારીનો સમાવેશ થાય છે.

ઉદ્‌ઘાટન પ્રસંગે ચેમ્બરની આર્ટ એન્ડ કલ્ચર કમિટીનાં ચેરપર્સન **સ્વાતિ શેઠવાલા**, **માનસી વિરાણી**, ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી **બિજલ જરીવાલા**, માજી માનદ્‌ મંત્રી શ્રી **દિપક શેઠવાલા** સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.